# 1 રાજ્યશાસ્ત્રનો ખ્યાલ

F8K9Q2

## પૂર્વભૂમિકા

રાજ્યશાસ્ત્રને આપણે સામાજિક શાસ્ત્રો પૈકીના એક શાસ્ત્ર તરીકે ઓળખાવી શકીએ. સમાજનો અભ્યાસ કરનારાં વિવિધ શાસ્ત્રો જેવાં કે, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઇતિહાસ વગેરેની જેમ રાજ્યશાસ્ત્ર પણ આવું જ એક શાસ્ત્ર છે. આ બધાં સામાજિક શાસ્ત્રો મનુષ્યના સમાજજીવનના કોઈ ને કોઈ પાસાને સ્પર્શે છે. તેથી જ તો તે સામાજિક શાસ્ત્રો કહેવાય છે. સમાજજીવનનાં જુદાં-જુદાં પાસાંનો વિશિષ્ટ અને સમગ્રતયા અભ્યાસ કરનારાં આ શાસ્ત્રોમાં રાજ્યશાસ્ત્ર આગવું સ્થાન ધરાવે છે. અંગ્રેજી ભાષામાં રાજ્યશાસ્ત્રને પોલિટિકલ સાયન્સ (Political Science) કહેવામાં આવે છે. પોલિટિકલ શબ્દ ગ્રીક ભાષાના 'પોલિટી' શબ્દ પરથી ઊતરી આવ્યો છે. ગ્રીક લોકો પોતાના નગર અથવા શહેરને 'પોલિટી' કહેતાં. આથી રાજ્યશાસ્ત્ર એટલે નગરજીવનની ચર્ચા કરતું શાસ્ત્ર એમ માનવામાં આવતું હતું. એ વખતે નગરરાજ્યો હતાં, આજે એવાં નગરરાજ્યો રહ્યાં નથી અને તેનું સ્થાન નાનાં-મોટાં વિશાળ રાજ્યોએ લીધું છે તેમ કહી શકાય.

એરિસ્ટોટલ નામના પ્રસિદ્ધ તત્ત્વચિંતક જણાવે છે કે, મનુષ્ય સ્વભાવથી જ સામાજિક પ્રાણી છે, તેથી સ્વાભાવિક રીતે જ તે સમૂહમાં રહેવા ઇચ્છે છે. મનુષ્ય માટે એકાકી જીવન અશક્ય છે. આપણે જાણીએ છીએ કે, વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી માનવસમાજ સાથે સંકળાયેલી રહે છે. આ રીતે વ્યક્તિ અને સમાજ ગાઢ સંબંધ ધરાવે છે. મનુષ્ય સામાજિક પ્રાણી હોવા ઉપરાંત રાજકીય પ્રાણી પણ છે. સમાજમાં અનેક પ્રકારની પ્રવૃત્તિઓ ચાલતી હોય છે, જેમાં રાજકીય પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થાય છે અને રાજકીય પ્રવૃત્તિઓ રાજકારણ સાથે સંકળાયેલી હોય છે. ટૂંકમાં, જ્યાં માનવસમાજ છે ત્યાં રાજકારણ પ્રવેશે છે.

## રાજ્યશાસ્ત્રનો અર્થ

રાજ્યશાસ્ત્ર એ રાજ્યનો પદ્ધતિસર અને શાસ્ત્રીય રીતે અભ્યાસ કરતું શાસ્ત્ર છે. તે રાજ્યની સૈદ્ધાંતિક બાબતોની ચર્ચા કરે છે. જેમાં રાજ્ય, તેની ઉત્પત્તિ, સરકારના પ્રકારો, રાજ્યો વચ્ચેના સંબંધો તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. રાજ્યશાસ્ત્રની સરળ વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય :

'રાજ્યશાસ્ત્ર એટલે રાજ્ય વિશેની વ્યવસ્થિત સમજ આપતું શાસ્ત્ર'. બીજા શબ્દોમાં કહીએ તો, 'રાજ્યની પ્રવૃત્તિઓ અને પ્રશ્નો સાથે સંબંધ ધરાવતું શાસ્ત્ર એટલે રાજ્યશાસ્ત્ર'.

કોઈ પણ વિદ્યાશાખાનો હેતુ, તે જેનો અભ્યાસ કરે છે તેની સમજૂતી આપવાનો હોય છે. આ દૃષ્ટિએ રાજ્યશાસ્ત્ર રાજકીય ઘટનાઓ કેમ ઘટે છે, કેવી રીતે ઘટે છે તેની પાછળ કયા પરિબળો અને કારણો જવાબદાર છે એ બધાંની વ્યવસ્થિત સમજૂતી આપવાનો પ્રયાસ કરે છે. આ ઉપરાંત તે અને રાજકારણ, તેમની સંસ્થાઓ, કાર્યો વગેરે વિશે ખ્યાલ આપવાનો પ્રયત્ન કરે છે.

રાજ્યશાસ્ત્ર અંગેના ખ્યાલોમાં પણ પરિવર્તન આવતું જાય છે. સમયે-સમયે તેનો ખ્યાલ બદલાય છે. એટલું જ નહિ પરંતુ તેના વ્યાપમાં પણ વિસ્તાર થતો જોવા મળે છે. રાજ્યશાસ્ત્રના બદલાતા અર્થ તથા સ્વરૂપને આપણે આ રીતે જોઈ શકીએ :

## પ્રાચીન સમય

પ્રાચીન સમયમાં રાજ્યશાસ્ત્રને નીતિશાસ્ત્રના એક ભાગ તરીકે ગણવામાં આવતું હતું. આજે આપણે જેને 'રાજ્યશાસ્ત્ર' વિષય તરીકે ઓળખીએ છીએ, તેને પ્રાચીન સમયમાં 'રાજનીતિશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવતું હતું. આ શબ્દ જ રાજ્યના નીતિશાસ્ત્ર સાથેના સંબંધને સ્પષ્ટ કરે છે. કૌટિલ્ય તેને દંડનીતિ તરીકે ઓળખાવે છે. સોક્રેટિસ અને પ્લેટો જેવા ચિંતકોએ રાજકારણ કે શાસન અંગેની ચર્ચા મનુષ્યના નૈતિક વ્યવહારોને કેન્દ્રમાં રાખીને કરી હતી, પરંતુ તેને એક સ્વતંત્ર વિષય

તરીકે વિકસાવવાનું કાર્ય એરિસ્ટોટલે કર્યું, તેથી તેમને રાજ્યશાસ્ત્રના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. મહાન તત્ત્વચિંતક કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' પુસ્તકમાં પણ રાજ્યશાસ્ત્રને નીતિશાસ્ત્રથી અલગ કરીને એક સ્વતંત્ર વિષય તરીકે રજૂ કરેલો જોવા મળે છે.

### મધ્યકાલીન સમય

મધ્યકાલીન સમયમાં ધર્મશાસ્ત્રનો પ્રભાવ સૌથી વધુ હતો, એટલે રાજ્યશાસ્ત્ર પણ ધર્મશાસ્ત્રનો એક ભાગ જ ગણાતો. રાજા અમર્યાદિત સત્તાઓ ધરાવતા હતા. કારણ કે, તેની ગણના ઈશ્વરના અંશ તરીકે કે તેના પ્રતિનિધિ તરીકે થતી હતી. ત્યાર બાદ પુનઃજાગૃતિ અને ધર્મસુધારણાના સમયમાં વૈચારિક ક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ આવી અને આધુનિક રાજકીય ચિંતનનો પાયો નંખાયો. ધાર્મિક મુદ્દાઓને બદલે રાજ્યની સત્તા, સમાજવ્યવસ્થા, રાષ્ટ્રની એકતા જેવા વાસ્તવિક મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રાજ્યશાસ્ત્ર અંગેની ચર્ચાઓ થવા માંડી. આ રીતે રાજ્યશાસ્ત્રનો ખ્યાલ વાસ્તવવાદી બન્યો.

### આધુનિક સમય

એક સ્વતંત્ર વિદ્યાશાખા તરીકે રાજ્યશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ 19મી સદીના ઉત્તરાર્ધમાં શરૂ થયો. 20મી સદીના પ્રારંભમાં અમેરિકાની વિવિધ યુનિવર્સિટીઓમાં રાજ્યશાસ્ત્રનો એક અલગ વિષય તરીકે સારા એવા પ્રમાણમાં અભ્યાસ શરૂ થયો. આ સાથે તેના અભ્યાસ કરવાના અભિગમમાં પણ મહત્ત્વના ફેરફારો થયા. અત્યાર સુધી રાજ્ય અને તેને આનુષંગિક બાબતોનો અભ્યાસ મોટા ભાગે આદર્શલક્ષી અભિગમથી કરવામાં આવતો હતો, તેને બદલે હવે રાજ્ય અને રાજકારણમાં વ્યવહારુ પાસાંઓ તેમજ રાજકીય વર્તન-વ્યવહારના સંદર્ભમાં તેના અભ્યાસ પર ભાર મુકાવા લાગ્યો. આ ખ્યાલ વર્તનવાદી અભિગમ તરીકે ઓળખાયો. આ ઉપરાંત રાજ્યશાસ્ત્રના અભ્યાસને વૈજ્ઞાનિક બનાવવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો. રાજ્યશાસ્ત્રના પરંપરાગત અભિગમ બાદ જેમ વર્તનલક્ષી અભિગમ ઉદ્ભવ્યો તેમ વર્તનલક્ષી અભિગમોની ઉણપો અને અપૂર્ણતાઓ સામે અમેરિકામાં જ ઈ.સ. 1970-80ના દાયકાઓ દરમિયાન ઉત્તર વર્તનલક્ષી અભિગમ વિકાસ પામ્યો. આ અભિગમ હેઠળ રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં મૂલ્યો અને તેની સામાજિક પ્રસ્તુતતા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. અત્યારે આ અભિગમ વધુ પ્રચલિત બન્યો છે.

### રાજ્યશાસ્ત્રનું સ્વરૂપ : વિજ્ઞાન કે કલા ?

રાજ્યશાસ્ત્ર વિજ્ઞાન છે કે નહિ એ પ્રશ્ન ચર્ચાસ્પદ છે. રાજ્યશાસ્ત્ર શબ્દમાં 'શાસ્ત્ર' શબ્દ અંગ્રેજી ભાષાના સાયન્સ (Science) એટલે કે વિજ્ઞાન શબ્દના પર્યાય તરીકે વપરાયો છે. ઘણી વખત એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, શું રાજ્યશાસ્ત્ર એ ભૌતિકશાસ્ત્ર (ફિઝિક્સ) કે રસાયણશાસ્ત્ર (કેમેસ્ટ્રી) જેવું જ શાસ્ત્ર ગણાય ? આમ જોઈએ તો વિજ્ઞાનનો વિદ્યાર્થી જે રીતે પ્રયોગશાળામાં પ્રયોગો કરીને પોતાના સિદ્ધાંતો તારવે છે, તેવી જ રીતે રાજ્યશાસ્ત્રનો વિદ્યાર્થી પ્રયોગશાળામાં પ્રયોગો કરીને રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતોને તારવી શકતો નથી. પરિણામે રાજ્યશાસ્ત્રને વિજ્ઞાન ન કહી શકાય, તેમ માનવામાં આવે છે.

રાજ્યશાસ્ત્ર એ ભૌતિકવિજ્ઞાન જેવા ચોક્કસ અને જેના સિદ્ધાંતો વિશે કોઈ મતભેદ ન હોઈ શકે તેવું શાસ્ત્ર નથી. ભૌતિકશાસ્ત્ર જેટલી ચોકસાઈથી તારણો તારવે છે એટલી જ ચોકસાઈથી સમાજવિજ્ઞાનોમાં તારણો તારવી શકાતાં નથી.

એક ભૌતિકવિજ્ઞાની જેટલી ચોક્કસ આગાહી કરી શકે છે, સામાન્ય નિયમો તારવી શકે છે, એટલી ચોક્કસ આગાહી કે સામાન્ય સિદ્ધાંતો સમાજવિજ્ઞાની તારવી શકતો નથી. દા.ત., પદાર્થને ગરમ કરવાથી પદાર્થ ફૂલશે એવી સ્પષ્ટ, ચોક્કસ, સર્વવ્યાપી અને સર્વકાલીન આગાહી ભૌતિકવિજ્ઞાની કરી શકે જ્યારે મતદારો નિરક્ષર હોય તો લોકશાહી સફળ થઈ જ શકે નહિ એવી ચોક્કસ આગાહી રાજ્યશાસ્ત્રમાં થઈ શકતી નથી. કારણ કે રાજ્યશાસ્ત્રનો સંબંધ મનુષ્ય સાથે છે અને મનુષ્યો સ્વભાવે પરિવર્તનશીલ છે. તેમજ તેમના સ્વભાવમાં સામ્ય નથી. એટલે જ રાજ્યશાસ્ત્ર ચોક્કસ વિજ્ઞાન કે શુદ્ધવિજ્ઞાન નથી.

જોકે, કેટલાક રાજ્યશાસ્ત્રીઓ એમ માને છે કે, જો આપણે 'વિજ્ઞાન' નો થોડો વિશાળ અર્થ કરીએ તો રાજ્યશાસ્ત્રને પણ આપણે એક વિજ્ઞાન તરીકે ગણી શકીએ. 'કોઈપણ વિષયનું ચોક્કસ અને પદ્ધતિસરનું જ્ઞાન એટલે વિજ્ઞાન.' ભલે વિજ્ઞાનના સિદ્ધાંતોની માફક રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતો પ્રયોગશાળામાં પ્રયોગો કરીને તારવી શકાતા નથી. આમછતાં પણ તે વિજ્ઞાન છે કારણ કે તેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવામાં આવે છે. દુનિયાની વિશાળ પ્રયોગશાળામાં જુદાં-જુદાં રાજ્યોમાં બનતા

બનાવોના અભ્યાસના આધારે અવલોકન તથા વિશ્લેષણ કરી તારણો કે સિદ્ધાંતો તારવવામાં આવતા હોય છે. દા.ત., દુનિયાની સરકારોના અભ્યાસ પછી એવું તારવવામાં આવ્યું છે કે, સરમુખત્યારશાહી કરતાં લોકશાહી સરકાર વધુ સારી સરકાર છે. આ સિદ્ધાંત વૈશ્વિક ધોરણે સ્વીકારાયો છે. વર્તમાન સમયમાં વર્તનવાદી અભિગમ હેઠળ અભ્યાસની વિવિધ પદ્ધતિઓ અને ટેક્નિકોનો ઉપયોગ કરીને રાજ્યશાસ્ત્રીઓ રાજ્યશાસ્ત્રની 'વિજ્ઞાન' કે 'શાસ્ત્ર' તરીકેની ચોક્કસ ઓળખ ઊભી કરવાના પ્રયત્નો કરી રહ્યાં છે. આ દૃષ્ટિએ જ રાજ્યશાસ્ત્રના વિદ્વાનોને રાજ્યશાસ્ત્રીઓ તરીકે ઓળખવામાં આવે છે.

બીજી તરફ રાજ્યશાસ્ત્રને વ્યવહારુ શાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે રાજ્યશાસ્ત્રના જે સિદ્ધાંતો તારવવામાં આવે છે, તેમનું વ્યવહારમાં અમલીકરણ પણ કરવામાં આવે છે. અને તેથી જ કેટલાક વિદ્વાનો રાજકારણને એક 'વિજ્ઞાન' તરીકે જોવાં કરતાં એક 'કલા' તરીકે જોવાનું વધારે પસંદ કરે છે. એક કલાકાર જેમ જન્મજાત કુનેહ અથવા અનુભવથી કોઈ સુંદર કલાકૃતિનું સર્જન કરે છે, તેમ રાજકારણી પણ રાજ્યશાસ્ત્રના સિદ્ધાંતોની વ્યવસ્થિત જાણકારી વિના પોતાની સામાન્ય સૂઝ (કોઠાસૂઝ), અંતઃસ્ફુરણા, કલ્પનાશક્તિ કે વિવેકબુદ્ધિથી શાસનકલામાં પારંગત થઈ શકે છે અને રાજકારણની રમતમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. આપણને રાજકારણમાંથી એવા ઘણા દાખલાઓ જોવા મળે છે કે જેમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસ કે જ્ઞાન વિના વ્યક્તિઓએ રાજકારણમાં ઊંચી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હોય અથવા સફળતા પ્રાપ્ત કરી હોય. આપણા મોટા ભાગના રાજકારણીઓએ રાજ્યશાસ્ત્રનો વ્યવસ્થિત અભ્યાસ કર્યા સિવાય આ કલા હસ્તગત કરી છે. રાજકારણને ઘણા લોકો 'બાંધછોડ' કે 'સમાધાન' ની કલા તરીકે પણ ઓળખાવે છે. આમ છતાં આપણે એ ન ભૂલવું જોઈએ કે જેમ કોઈ કલાકાર પોતાની કલાના વિષયનું વ્યવસ્થિત અને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કરે, તો વધુ સારો કલાકાર બની શકે છે. તેમ કોઈ રાજકારણી પણ રાજ્યશાસ્ત્ર અને રાજકારણનું વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરે તો વધારે સારો અને સફળ રાજનીતિજ્ઞ બની શકે છે.

**રાજ્યશાસ્ત્રનો વિષય-વ્યાપ (કાર્યક્ષેત્ર-અભ્યાસક્ષેત્ર)**

રાજ્યશાસ્ત્રની વ્યાખ્યા, અર્થ અને તેના સ્વરૂપની ચર્ચા કર્યા પછી હવે આપણે તેના વિષય-વ્યાપ કે તેના કાર્યક્ષેત્ર એટલે કે, તે કઈ કઈ બાબતોનો અભ્યાસ કરે છે તે અંગેનો ખ્યાલ મેળવીશું.

**(1) રાજ્યનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર રાજ્યનો અભ્યાસ કરે છે. (અ) રાજ્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે તે અંગેના વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરે છે. (બ) રાજ્યના મૂળ તત્ત્વો જેવાં કે વસ્તી, ભૌગોલિક વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. (ક) રાજ્યનાં કાર્યો અથવા તેની ભૂમિકા એટલે કે રાજ્યએ શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ - તે સંબંધે જુદાં જુદાં સિદ્ધાંતો તેમજ જુદી-જુદી રાજકીય વિચારધારાઓ જેવી કે, વ્યક્તિવાદ, અરાજ્યવાદ, ઉદારમતવાદ, સમાજવાદ, સામ્યવાદ, સર્વસત્તાવાદ વગેરેનાં અભ્યાસનો સમાવેશ તેમાં થાય છે. (ડ) ઉપરાંત, રાજ્યશાસ્ત્રના પાયાના ખ્યાલો જેવા કે કાયદો, સ્વતંત્રતા, સમાનતા, ન્યાય, માનવઅધિકારો, બંધુત્વ વગેરેનો પણ અભ્યાસ કરવામાં આવે છે.

**(2) સરકારનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર રાજ્યના સૌથી મહત્ત્વના અંગ એટલે કે સરકારનો અભ્યાસ કરે છે. સરકાર, તેની રચના, સ્વરૂપ, સત્તાઓ અને કાર્યો જેના દ્વારા નક્કી થાય છે તે બંધારણનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. બંધારણની વ્યાખ્યા, તેના પ્રકારો, તેની રચના વગેરેનો અભ્યાસ કરવામાં આવે છે. સરકારનાં ત્રણ અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર; તેમની રચના, કાર્યો, ભૂમિકા તેમની વચ્ચેના સંબંધો વગેરેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે. સરકારના પ્રકારો જેવા કે લોકશાહી, સરમુખત્યારશાહી, લશ્કરીશાસન વગેરેનાં સ્વરૂપ, લક્ષણો, ગુણ-દોષ, તેમાં થતાં પરિવર્તનો જેમ કે, ક્રાંતિ, સત્તાપલટો વગેરેનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે. સત્તાની વહેંચણી કરવાના ખ્યાલો અને તેના આધારે ઊભા થતા પ્રકારો જેવા કે; એકતંત્રી સરકાર, સમવાયતંત્રી સરકાર, તેમની રચના, લક્ષણો, ગુણ-દોષ વગેરેની ચર્ચા તેમાં કરવામાં આવે છે. સરકારનું એક અંગ-કારોબારીની રચના કેવી રીતે કરવામાં આવે છે અને તેના આધારે ઊભા થતા પ્રકારો જેવા કે સંસદીય સરકાર અને પ્રમુખીય સરકાર, તેના સિદ્ધાંતો, રચના, ધારાસભા-કારોબારી વચ્ચેના સંબંધો, તેમનાં લક્ષણો અને ગુણ-દોષ વગેરેની ચર્ચા પણ તેમાં કરવામાં આવે છે. સત્તાના વિકેન્દ્રીકરણમાંથી ઉદ્‌ભવતી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, મહાનગરપાલિકાઓ (મ્યુનિસિપલ કૉર્પોરેશન) અને ગ્રામીણ વિસ્તારોમાં પંચાયતીરાજના માળખા અને તેની સંસ્થાઓનો અભ્યાસ તેમાં કરવામાં આવે છે.

**(3) વહીવટીતંત્રનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર કારોબારી અને વહીવટીતંત્રનો અભ્યાસ કરે છે. ધારાસભાએ પસાર કરેલા કાયદાઓ તેમજ જુદી-જુદી નીતિઓ અને કાર્યક્રમોનો અમલ કરવાનું કાર્ય કારોબારીએ કરવાનું હોય છે. પણ વ્યવહારમાં તે બધાંનો વહીવટ કરવાનું કાર્ય જાહેર વહીવટીતંત્ર કરે છે. તેથી રાજ્યશાસ્ત્રમાં જાહેર વહીવટીતંત્ર અને તેના અભ્યાસના વિવિધ મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવે છે. રાજ્ય અથવા તો સરકાર પોતાના નિર્ણયોનો અમલ આખરે તો વહીવટીતંત્ર દ્વારા જ કરે છે, તેથી તેનું મહત્ત્વ ઘણું છે. આમ, રાજ્યશાસ્ત્રમાં તેનો અભ્યાસ પણ કરવામાં આવે છે.

**(4) કાયદાનો અભ્યાસ :** રાજ્યશાસ્ત્ર કાયદાનો અભ્યાસ કરે છે. કોઈપણ સરકારે કાયદાના બૃહદ્ માળખામાં રહીને કામ કરવાનું હોય છે. એટલે કાયદા, તેનાં ઉદ્ભવસ્થાનો, તેનાં સ્વરૂપો અને પ્રકારો, કાયદાના ઘડતર, તેના વ્યાપ અને મર્યાદાઓ વગેરેનો અભ્યાસ પણ તેમાં કરવામાં આવે છે.

**(5) નાગરિકતા અંગેનો અભ્યાસ :** કોઈપણ રાજ્ય આખરે તો તેના નાગરિકોનું બનેલું હોય છે. રાજ્યનું સભ્યપદ એટલે કે નાગરિકતા અને તેના સિદ્ધાંતો, રાજ્ય અને નાગરિક વચ્ચેના સંબંધો એટલે કે નાગરિકના હકો અને તેની ફરજોનો તેમાં અભ્યાસ કરવામાં આવે છે. આ રીતે રાજ્યશાસ્ત્ર નાગરિક અને નાગરિકતાનો અભ્યાસ કરે છે.

**(6) લોકશાહી પ્રક્રિયાનો અભ્યાસ :** લોકશાહી શાસન પદ્ધતિમાં રાજ્યના સંચાલનમાં નાગરિકોની સક્રિય ભાગીદારી અને સામેલગીરી અનિવાર્ય માનવામાં આવે છે. આથી મતાધિકાર, તે માટેની લાયકાતો અને યોગ્યતા, ચૂંટણીપ્રથા અને તેના પ્રકારો, પ્રતિનિધિત્વ અને તે સંબંધી ખ્યાલો - પ્રતિનિધિ અને મતદારો વચ્ચેના સંબંધો જેવી બાબતોનો પણ રાજ્યશાસ્ત્રમાં અભ્યાસ કરવામાં આવે છે.

**(7) રાજકીય પક્ષોનો અભ્યાસ :** રાજ્યતંત્રના સંચાલનમાં જેમ નાગરિક પોતાની મતદાર તરીકેની ભૂમિકા ભજવે છે તેમ રાજકીય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા પોતાની ભૂમિકા ભજવે છે. આથી રાજકીય પક્ષો, તેમની વ્યાખ્યા, ભૂમિકા, કાર્યો અને સ્વરૂપનો અભ્યાસ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. પક્ષપદ્ધતિ, તેના પ્રકારો, તેમનાં લક્ષણો, ગુણદોષ અને મર્યાદાઓ, તેમની અગત્ય અને ભૂમિકા એ બધાનો અભ્યાસ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. નાગરિકોનાં કેટલાંક હિતજૂથો અને દાબજૂથો પણ રાજકારણની પ્રક્રિયાઓને પ્રભાવિત કરતાં હોવાથી તેમના અભ્યાસનો સમાવેશ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે.

**(8) રાષ્ટ્ર-રાષ્ટ્રીયતાનો અભ્યાસ :** આધુનિક સમયમાં રાજ્યે રાષ્ટ્ર - રાજ્યનું સ્વરૂપ ધારણ કર્યું છે. એટલે રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતા, તેમની વ્યાખ્યા, અર્થ, સ્વરૂપ તેમને ઘડનારાં પરિબળો, તેમના ગુણદોષ અને તેનાં ભયસ્થાનો વગેરેનો અભ્યાસ પણ કરવામાં આવે છે. આમ, રાજ્યશાસ્ત્ર રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો અભ્યાસ કરે છે.

**(9) આંતરરાષ્ટ્રીય રાજકારણનો અભ્યાસ :** રાષ્ટ્ર-રાજ્ય અને અન્ય રાષ્ટ્ર-રાજ્યો વચ્ચેના સંબંધો જેને આંતરરાષ્ટ્રીય સંબંધો અથવા આંતરરાષ્ટ્રીય રાજકારણ કહેવામાં આવે છે, તેનો અભ્યાસ પણ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ, તેનાં અર્થ અને સ્વરૂપ, તે સંબંધી સિદ્ધાંતો, વિદેશનીતિ, મુત્સદ્દીગીરી, રાષ્ટ્રીય સલામતી, યુદ્ધ અને શાંતિની સમસ્યાઓ, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે સંયુક્ત રાષ્ટ્રસંઘ, તેની રચના, કામગીરી અને ભૂમિકા વગેરેનો અભ્યાસ રાજ્યશાસ્ત્રમાં કરવામાં આવે છે.

ટૂંકમાં, રાજ્યશાસ્ત્રનો વિષય-વ્યાપ અને અભ્યાસક્ષેત્ર ઘણાં વિશાળ છે. તેમાં ગ્રામપંચાયતથી માંડી આંતરરાષ્ટ્રીય બાબતો સુધીનો અભ્યાસ કરવામાં આવે છે અને દિવસે-દિવસે તેના વ્યાપમાં વધારો થતો જાય છે.

### રાજ્યશાસ્ત્ર અને રાજકારણ

ઘણીવાર રાજ્યશાસ્ત્ર અને રાજકારણ શબ્દનો ઉપયોગ એકબીજાના પર્યાય તરીકે કરવામાં આવે છે. પરંતુ હકીકતમાં એ બરાબર નથી. રાજ્યશાસ્ત્ર અને રાજકારણ વચ્ચે મોટો તફાવત રહેલો છે. રાજ્યશાસ્ત્ર રાજ્યની ચર્ચા કરતું અને તેની સમજ આપતું શાસ્ત્ર છે. તે રાજ્યના ઘટકો અને સરકારના સિદ્ધાંતોની ચર્ચા કરે છે. રાજકારણ એ સત્તાના કેન્દ્રની આસપાસ આકાર લેતી પ્રવૃત્તિ છે. રાજકારણ એ સત્તા મેળવવા માટેનો સંઘર્ષ છે.

રાજકારણ શબ્દને આપણે સંકુચિત અને વિશાળ એમ બે અર્થમાં સમજી શકીએ : સંકુચિત અર્થમાં જોઈએ તો, ''જે

પ્રવૃત્તિઓ અથવા તો કાર્યો દ્વારા સરકારની પસંદગી કરવામાં આવે છે તથા તેના દ્વારા રાજકીય કાર્યક્રમ કે રાજકીયનીતિને વેગ આપવામાં આવે છે તેને રાજકારણ કહેવામાં આવે છે.'' જ્યારે વિશાળ અર્થમાં - ''રાજકારણ એટલે જે પ્રવૃત્તિઓ જાહેર કાર્યોના વહીવટ સાથે સંબંધ ધરાવે છે તે રાજકારણ''. બીજા શબ્દોમાં કહીએ તો, રાજકારણ જાહેર વ્યવહાર કે પ્રવૃત્તિ છે. જે વ્યક્તિઓ રાજ્યોનાં કાર્યોમાં કે તેના પ્રશ્નોમાં સક્રિય અને સીધી રીતે રસ લેતી હોય છે તેમને રાજકારણ સાથે સંકળાયેલી વ્યક્તિઓ એટલે કે રાજકારણીઓ અથવા રાજપુરુષો તરીકે ઓળખવામાં આવે છે. સત્તા મેળવવા માટેની જે હરીફાઈ થાય છે તેમાં કાવાદાવાનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે તેથી ઘણી વાર એવું પણ કહેવાય છે કે રાજકારણ એ કાવાદાવાની રમત છે. આ ઉપરાંત રાજકારણને વ્યવહારુ શાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે રાજકારણ શાસ્ત્ર ઉપરાંત કલા પણ છે.

રાજ્યશાસ્ત્રની વિસ્તૃત વ્યાખ્યા આપવી હોય તો એવું કહી શકાય કે, ''રાજ્યશાસ્ત્ર રાજ્ય વિશે, તેના હેતુઓ વિશે તેમજ અન્ય રાજ્યો સાથેના સંબંધો વિશે માહિતી કે જ્ઞાન આપતું અને તેના વિશે ચર્ચા કરતું શાસ્ત્ર છે.''

એક મંતવ્ય એવું પણ છે કે, રાજ્યશાસ્ત્ર સરકાર સાથે સંબંધ ધરાવે છે. આ અર્થમાં તે રાજ્યના સિદ્ધાંતો તથા સરકારના સિદ્ધાંતોનો અભ્યાસ કરે છે. રાજ્શાસ્ત્રના અભ્યાસીઓ કે ચિંતકોને રાજ્યશાસ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે.

રાજકારણ અંગેના પ્રવાહો સતત બદલાતાં રહેતાં હોય છે. આધુનિક સમયમાં વ્યક્તિના જીવનમાં રાજકારણનો પ્રભાવ પણ વધી રહ્યો છે. ભાગ્યે જ કોઈ એવી વ્યક્તિ હશે કે જે રાજકારણથી અલિપ્ત હોય! જાણે અજાણે પ્રત્યેક વ્યક્તિ થોડા કે વધુ અંશે રાજકારણના રંગથી રંગાયેલી હોય છે. ઘર-કુટુંબ, જૂથો, જ્ઞાતિમંડળો કે અન્ય સંસ્થાઓ દરેક જગ્યાએ રાજકારણ હોય જ છે. આજે તો ટેક્નોલૉજીના વિકાસ અને સંદેશા-વ્યવહારનાં ઝડપી સાધનોનાં પરિણામે મોટાભાગની વ્યક્તિઓ દેશ-વિદેશના રાજકારણથી પણ પરિચિત થવા લાગી છે. આમ, રાજકારણ એ વર્તમાન સમયમાં નાગરિક જીવનનું એક અગત્યનું લક્ષણ બની ગયું છે. આપણે ઇચ્છીએ કે ના ઇચ્છીએ પણ રાજકારણ આપણા જીવનનાં લગભગ તમામ પાસાઓને એક યા બીજી રીતે સ્પર્શે છે અને તેમને પ્રભાવિત કરે છે. માનવજીવનનું કોઈ ક્ષેત્ર એવું રહ્યું નથી કે જ્યાં રાજકારણે પ્રવેશ કર્યો ન હોય. આમ, રાજકારણે આપણા જીવનમાં ઊંડે સુધી પ્રવેશ કર્યો છે.

**રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ**

રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ કે તેની અગત્ય નીચે મુજબ છે :

**(1) રાજ્યની વધતી દરમિયાનગીરીને અટકાવવી :** રાજ્યનું કાર્યક્ષેત્ર દિવસે-દિવસે વધતું જાય છે, જેના લીધે મનુષ્યજીવનમાં તેની દરમિયાનગીરી પણ વિસ્તાર પામી રહી છે. સરકાર, નગર, નિશાળ, ધર્મ-સ્થાન, વ્યાપારી પેઢી, મજૂર-સંગઠન, ક્લબ, રાજકીય પક્ષો વગેરે અનેક સંસ્થાઓના સંપર્ક દ્વારા વ્યક્તિ રાજકારણ સાથે સંબંધમાં આવે છે. રાજકારણ એ માનવ અસ્તિત્ત્વની એક અનિવાર્ય વાસ્તવિકતા છે. આમ, રાજ્યશાસ્ત્રનો અભ્યાસ રાજ્યની દરમિયાનગીરીને આપણા જીવનમાં કેટલા અંશે પ્રવેશવા દેવી તેની સભાનતા કેળવે છે.

**(2) હકો અને ફરજોથી માહિતગાર :** રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આપણને આપણા મૂળભૂત હકો અને ફરજો અંગે માહિતી મળે છે એટલું જ નહિ પરંતુ હકોના રક્ષણ માટે કેવી જોગવાઈઓ અસ્તિત્ત્વ ધરાવે છે તેનો ખ્યાલ પણ રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આવે છે. આ કારણથી જ પશ્ચિમનાં રાજ્યોમાં દરેક વિદ્યાર્થી સારો નાગરિક બને તે માટે દેશના બંધારણનો તથા દેશની સરકારનો અભ્યાસ કરવો ફરજિયાત છે.

**(3) સરકારના પ્રકારોની જાણકારી :** રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં વિવિધ સરકારોના અભ્યાસ ઉપરાંત તેમનો તુલનાત્મક અભ્યાસ પણ કરવામાં આવતો હોય છે. આવા અભ્યાસ દ્વારા કયા પ્રકારની સરકાર યોગ્ય છે તેનો પણ આપણને ખ્યાલ આવે છે. અત્યારે એ વિચારનો સ્વીકાર થયો છે કે સરકારના પ્રકારોમાં લોકશાહી સરકાર ઉત્તમ છે. આ તંત્રમાં લોકો પાસે છેવટની સત્તા હોવાથી રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી ગણાવી શકાય.

**(4) સરકારના તંત્રની જાણકારી :** રાજ્યશાસ્ત્ર દ્વારા સરકારનાં ત્રણેય અંગો - ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રનો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે છે, જેના કારણે આપણને સરકારના તંત્રનો સારી રીતે ખ્યાલ આવે છે. એક સારા નાગરિક

તરીકે આ પ્રકારની જાણકારી અનિવાર્ય છે, કારણ કે આપણે જે રાજ્યના નાગરિક હોઈએ તે રાજ્યની સરકાર કેવી રીતે કાર્ય કરે છે, દરેક અંગનાં કાર્યો કયા કયા છે ? આ અંગો વચ્ચે કેવા સંબંધો છે, જેવી બાબતો વિશેની જાણકારી પ્રાપ્ત થાય છે.

**(5) સત્તાના વિકેન્દ્રીકરણની સમજ :** રાજ્યશાસ્ત્રના અભ્યાસથી સ્થાનિક સરકારની સંસ્થાઓની રચના, કામગીરી તથા સત્તાક્ષેત્રનો ખ્યાલ આવે છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર સાથેના તેના સંબંધો કેવા છે તે વિશે પણ જાણી શકાય છે. પંચાયતો, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ વગેરે સ્થાનિક સરકારની સંસ્થાઓમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસથી સારી રીતે ભાગ લઈ શકાય છે. આ કારણથી જ સ્થાનિક સરકારની સંસ્થાઓને 'લોકશાહીની તાલીમશાળા' તરીકે ઓળખવામાં આવે છે.

**(6) નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી માટે :** લોકશાહીમાં પ્રત્યેક નાગરિકની ભાગીદારી ઇચ્છનીય છે, તેથી સામૂહિક નિર્ણયોથી જેને-જેને અસર થતી હોય તેને એ નિર્ણય પ્રક્રિયામાં સામેલ થવું અનિવાર્ય છે. આમ, આ નિર્ણય પ્રક્રિયામાં અસરકારક રીતે સામેલ થઈ શકે તે માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

**(7) રાજકીય સત્તાની વિવિધ પ્રક્રિયાઓ જાણવા :** રાજ્યશાસ્ત્ર મનુષ્યની આસપાસ ચાલતી રાજકીય સત્તાની વિવિધ પ્રક્રિયાઓ અને રાજકારણનો વ્યવસ્થિત અભ્યાસ કરે છે. સમાજજીવનનાં વિવિધ પાસાંઓ અંગેના અંતિમ અને બંધનકર્તા નિર્ણયો રાજકારણ લે છે, જે નિર્ણયો આપણા જીવનને પ્રભાવિત કરતા હોય એ નિર્ણયો કેવી રીતે લેવાય છે એ જાણવું દરેકને માટે ખૂબ જરૂરી છે. આ બધું જાણવા માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

**(8) આંતરરાષ્ટ્રીય રાજકારણ તેમજ પ્રવાહોથી માહિતગાર :** દરેક રાજ્યને અન્ય રાજ્યો સાથે સંબંધો રાખવા પડે છે, જેમાંથી આંતરરાષ્ટ્રીય રાજકારણ સર્જાય છે. આંતરરાષ્ટ્રીય કાયદો, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, વૈશ્વિક પ્રવાહો વગેરે વિશે વિગતથી માહિતી આપીને રાજ્યશાસ્ત્ર આંતરરાષ્ટ્રીય રાજકારણને સમજાવે છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ રાજકીય તેમજ અન્ય વિવિધ સમસ્યાઓથી ભરપૂર છે. આ સમસ્યાઓને સમજવા માટે તેમજ તેમનો ઉકેલ લાવવા માટે રાજ્યશાસ્ત્રનો અભ્યાસ અનિવાર્ય બની જાય છે.

**(9) પાયાનાં મૂલ્યોની જાણકારી :** સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ન્યાય વગેરે જેવાં મનુષ્યજીવનનાં પાયાનાં મૂલ્યો છે. આ મૂલ્યોની અગત્ય વિશેની જાણકારી અત્યંત જરૂરી છે. અને તેનો ખ્યાલ રાજ્યશાસ્ત્રના અભ્યાસથી આવે છે. તેથી રાજ્યશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

આ રીતે રાજ્યશાસ્ત્રના અભ્યાસની અગત્ય જેટલી આંકીએ એટલી ઓછી છે. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ રાજકીય જાગૃતિ લાવે છે અને મનુષ્યને સારા જીવન માટે તૈયાર કરે છે. સારો નાગરિક એ કોઈ પણ રાજ્યની સંપત્તિ છે. રાજ્યશાસ્ત્રનો અભ્યાસ વ્યક્તિને સારા નાગરિક તરીકેનું ઘડતર કરવામાં મદદરૂપ થાય છે. તેથી દરેકે તેનો અભ્યાસ કરવો જરૂરી બની રહે છે.

## રાજ્યશાસ્ત્રના અન્ય સામાજિક શાસ્ત્રો સાથેના સંબંધો

રાજ્યશાસ્ત્ર એક સામાજિક શાસ્ત્ર હોવાથી તે બીજા સામાજિક શાસ્ત્રો સાથે સંબંધ ધરાવે છે. મનુષ્યની વિવિધ વૃત્તિઓ સાથે વિવિધ સામાજિક શાસ્ત્રો સંકળાયેલા હોવાથી રાજ્યશાસ્ત્રને સાચા અર્થમાં સમજવા માટે બીજા સામાજિક શાસ્ત્રો સાથેના તેના સંબંધોને જાણવા જરૂરી બને છે. ખાસ કરીને અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ભૂગોળ, માનસશાસ્ત્ર અને ઇતિહાસ સાથે રાજ્યશાસ્ત્ર કેવી રીતે સંકળાયેલું છે તેનો હવે અભ્યાસ કરીશું.

**રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર :** રાજ્યશાસ્ત્ર રાજ્યનાં કાર્યો, તેની સમસ્યાઓ તથા તેના હેતુઓ સાથે સંકળાયેલું છે. જયારે અર્થશાસ્ત્ર સાધન અને સંપત્તિનું શાસ્ત્ર હોવાથી તે સંપત્તિના ઉત્પાદન, વહેંચણી, વિનિમય અને વપરાશનો અભ્યાસ કરે છે. પરંતુ ખરેખર તો પ્રાચીન સમયથી આ બંને વચ્ચેના સંબંધનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

આ બંને શાસ્ત્રો વચ્ચે ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ પછી જે સંબંધ સ્થપાયો છે તે દિવસે-દિવસે ગાઢ બનતો જાય છે. છેલ્લાં થોડાં વર્ષોથી તો અર્થશાસ્ત્રનો પ્રભાવ રાજ્યશાસ્ત્ર પર વધતો જાય છે. આ બંને શાસ્ત્રો વચ્ચેના સંબંધને આપણે આ પ્રમાણે દર્શાવી શકીએ :

(i) રાજ્યશાસ્ત્રમાં રાજ્ય અને અર્થશાસ્ત્રમાં સાધન અને સંપત્તિ કેન્દ્રસ્થાને હોવા છતાં બંનેનું અંતિમ ધ્યેય લોક કલ્યાણ છે. વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગો, આર્થિક પ્રવૃત્તિઓ વગેરેનો વિકાસ રાજ્યમાં શાંતિ અને વ્યવસ્થા હોય તો જ થાય છે અને રાજ્યનું પ્રાથમિક કાર્ય શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું જ છે.

(ii) લોકોમાં આર્થિક અસંતોષ ન પ્રવર્તે તે જોવાનું કાર્ય રાજ્યએ કરવાનું હોય છે. આર્થિક અસંતોષ ક્રાંતિને જન્મ આપે છે. જે રાજ્યમાં આર્થિક અસમાનતાનું પ્રમાણ વધુ હોય છે ત્યાં સરકારનું સ્થાન ભયમાં મુકાઈ શકે છે અને હિંસક ક્રાંતિની શક્યતા પણ રહે છે. તેથી રાજ્યની સ્થિરતા પણ જોખમાય છે.

(iii) બીજા વિશ્વયુદ્ધ પછીના સમય દરમિયાન જે આર્થિક મુશ્કેલીઓ ઘણાં રાજ્યોએ ભોગવી તેના કારણે ઉત્પાદન, વહેંચણી અને વિનિમયક્ષેત્રે સરકારે દરમિયાનગીરી શરૂ કરી. અત્યારે સરકારે ભાવનિયમનની નીતિ તથા આયાત-નિકાસની નીતિ પોતાના હસ્તક રાખી છે.

આ પ્રમાણે મોટાભાગની સમસ્યાઓ જ આજે આર્થિક સમસ્યાઓ બની ગઈ છે અને તેનો ઉકેલ લાવવા માટે રાજ્યને સદાય તત્પર રહેવું પડે છે. કોઈ પણ રાજ્યતંત્ર તેના અર્થતંત્ર પર જ આધાર રાખે છે. જે રાજ્યનું અર્થતંત્ર સબળ તેની સત્તા પણ વધુ. દા.ત., સંયુક્ત રાજ્ય અમેરિકાના સદ્ધર અર્થતંત્રના કારણે તે વિશ્વની સવાઈ સત્તા બની શક્યું છે.

(iv) સમાજવાદ, સામ્યવાદ વગેરે રાજકીય વિચારસરણીઓના પાયામાં આર્થિક સિદ્ધાંતો રહેલા છે અને તેને સમજવા માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ બને છે. બ્રિટને ભારતમાં આર્થિક કારણોસર જ પગપેસારો કર્યો હતો તે ભૂલવું ન જોઈએ.

(v) છેલ્લાં થોડાં વર્ષોથી આર્થિક ઉદારવાદની નીતિ (ઉદારીકરણ)નું જે ઝડપથી અમલીકરણ થઈ રહ્યું છે તે પણ સ્પષ્ટ કરે છે કે આ બંને શાસ્ત્રો કેટલાં ગાઢ રીતે સંકળાયેલાં છે.

રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વચ્ચે ગાઢ સંબંધ હોવા છતાં બંનેનાં અભ્યાસક્ષેત્રો અલગ છે. બંને શાસ્ત્રોએ એકબીજાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. પણ બંનેના અભ્યાસવિષયો અને ચિંતનના મુદ્દાઓ જુદા જ છે.

**રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર :** મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી મનુષ્યના ધાર્મિક, રાજકીય, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક વગેરે સંબંધો સામાજિક સંબંધો ગણાય છે. સમાજશાસ્ત્રનો વિસ્તાર બહુ જ વિશાળ છે અને તેથી તે રાજ્યશાસ્ત્રને પણ આવરી લે છે. આ બંને વચ્ચેના સંબંધને આપણે આ પ્રમાણે દર્શાવી શકીએ :

(i) રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં સમાજશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ બને છે. કારણ કે, રાજ્યની ઉત્પત્તિ તેમજ તેના વિકાસની માહિતી તેમાંથી મળે છે. ઉપરાંત, રાજ્યની શરૂઆત થઈ ત્યારે તેની ગણના રાજકીય સંસ્થા કરતાં સામાજિક સંસ્થા તરીકે થતી હતી તે આપણે ભૂલવું જોઈએ નહિ.

(ii) મનુષ્યજીવનનો ઇતિહાસ જણાવે છે કે, મનુષ્યના સામાજિક જીવનની શરૂઆત તેના રાજકીય જીવન કરતાં વહેલી થયેલી છે. આમ, સમાજશાસ્ત્ર સમયની દૃષ્ટિએ રાજ્યશાસ્ત્ર કરતાં પ્રાચીન છે. શરૂઆતમાં ભટકતું જીવન જીવતાં મનુષ્યોએ ઘણી સદીઓ પછી ખેતીની શોધથી સ્થાયી જીવન શરૂ કર્યું, જેમાંથી સ્થાયી સમૂહજીવન તથા સામાજિક જીવનની શરૂઆત થઈ અને આ પછી ઘણા સમય પછી તેમના રાજકીય જીવનની શરૂઆત થઈ છે તેમ સ્વીકારવામાં આવ્યું છે.

(iii) સમાજશાસ્ત્રીઓ રાજ્યને સર્વોચ્ચ સામાજિક સંસ્થા તરીકે સ્વીકારે છે. કારણ કે તે સમાજને દોરવણી આપવાની શક્તિ ધરાવે છે. તેમજ તે સામાજિક વર્તન-વ્યવહારોને પણ નિયંત્રિત કરે છે. એરિસ્ટોટલ, હેગલ, કાર્લમાર્ક્સ, મેકસવેબર જેવા રાજકીય ચિંતકોએ સમાજશાસ્ત્રીય તેમજ રાજકીય એમ બંને ક્ષેત્રોમાં પૃથક્કરણ કરેલાં છે.

(iv) રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વચ્ચેના ગાઢ સંબંધોએ એક નવી જ વિદ્યાશાખાને જન્મ આપ્યો છે અને તે 'રાજકીય સમાજશાસ્ત્ર' તરીકે ઓળખવામાં આવે છે. રાજકીય સમાજશાસ્ત્રે રાજ્યશાસ્ત્રમાં રાજકીય વિકાસ, રાજકીય આધુનિકીકરણ, રાજકીય સંસ્કૃતિ વગેરે સૈદ્ધાંતિક ખ્યાલોનું પ્રદાન કરેલ છે.

(v) સમાજશાસ્ત્રમાં મનુષ્યના સામાજિક સંબંધોનો સમાવેશ થાય છે, જેવાં કે, લગ્ન, કુટુંબ, મિલકત, જ્ઞાતિ, વંશીયતા વગેરે આ તમામ સામાજિક પ્રશ્નો અંગેના છેવટના નિર્ણયો તો રાજ્યે જ લેવાના હોય છે.

(vi) જે-તે રાજ્યનું સ્વરૂપ અને તેની કામગીરીનો અભ્યાસ કરવા જે-તે સમાજના સ્વરૂપ, વિશિષ્ટતાઓ અને કામગીરીનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. ભારતીય રાજકારણનો અભ્યાસ કરવો હોય તો ભારતીય સમાજ, તેનું સ્વરૂપ, તેની વિશિષ્ટતાઓ વગેરેનો અભ્યાસ કરવો જ પડે છે. ચૂંટણીમાં તેમજ સત્તા ટકાવવા માટે જ્ઞાતિ કે ધર્મ જેવા મુદ્દાઓ રાજ્યશાસ્ત્રને સમાજનાં વિવિધ અંગો અને પાસાંઓ સાથે જોડે છે.

આમ, સમગ્ર સમાજ વતી સૌને બંધનકર્તા એવા નિર્ણયો રાજ્ય લેતું હોવાથી અને આવા નિર્ણયો થકી સામાજિક સંસ્થાઓ અને પરિબળો પણ પ્રભાવિત થાય છે. ઇચ્છિત દિશામાં સામાજિક પરિવર્તન થાય તેમજ ઇષ્ટ સમાજવ્યવસ્થાનું નિર્માણ થાય એ માટે રાજ્યસત્તાનો ઉપયોગ કરવાનો આધુનિક સમયમાં સ્વીકાર કરવામાં આવ્યો છે.

**રાજ્યશાસ્ત્ર અને ભૂગોળ :** આ બંને શાસ્ત્રોનો વિચાર કરતાં એમ લાગે છે કે તેમની વચ્ચે ગાઢ સંબંધ છે. રાજ્યનાં ઘટક વસ્તી, વિસ્તાર, સરકાર અને સાર્વભૌમત્વનો સમાવેશ થાય છે એટલે રાજ્ય ચોક્કસ ભૌગોલિક વિસ્તાર સાથે સંકળાયેલ છે. ચોક્કસ વિસ્તાર, સરકાર એ તો રાજ્યનો ભૌતિક આધાર છે. ઘણા ચિંતકોએ ભૌગોલિક પરિસ્થિતિઓની રાજકીય અસર વિશે જણાવ્યું છે. જેમાં એરિસ્ટોટલથી શરૂ કરીને આધુનિક સમયના વિદ્વાનોનો સમાવેશ થાય છે.

પ્રાચીન ગ્રીસમાં અનેક ટાપુઓ આવેલા હોવાથી ભૌગોલિક એકતાના અભાવે જ ત્યાં રાજકીય એકતા સ્થાપી શકાઈ નહિ અને નગરરાજ્યો રચાયાં. સ્વિટ્ઝર્લેન્ડનું જે ભૌગોલિક સ્થાન છે તેને લીધે જ તેનો ઇતિહાસ તથા તેની સંસ્થાઓ વિશિષ્ટ સ્થાન ધારણ કરે છે. બ્રિટનની ભૌગોલિક રચનાને લીધે જ તે મહાન દરિયાઈ સત્તા બની શક્યું છે તેમ કહી શકાય. યુરોપનું હૃદય ગણાતા જર્મનીને કુદરતી સરહદો ન હોવાથી તેના નેતાઓ તથા ચિંતકોએ જર્મની મહાન લશ્કરી સત્તા પ્રાપ્ત કરે તે વિચારને મોખરે રાખ્યો હતો. આ જ રીતે અમેરિકા પૂર્વે અને પશ્ચિમે અતિ વિશાળ મહાસાગરોથી રક્ષાયેલું છે, તેની દક્ષિણે પણ સમુદ્ર આવેલો છે.

ભારતને પણ ત્રણ બાજુ મહાસાગરો તથા ઉત્તરે હિમાલયની પર્વતમાળાના કારણે ભૌગોલિક રક્ષણ સારા પ્રમાણમાં મળતું રહ્યું છે. આવી સરહદોના કારણે બચાવ માટેનો પૂરતો સમય મળી રહે છે. ભૂતકાળમાં સોવિયેત રશિયામાં ફ્રાંસના નેપોલિયન દ્વારા તથા જર્મનીના હિટલર દ્વારા થયેલાં આક્રમણોમાં બંનેને પરાજય સાંપડ્યા. કારણકે, તેના વિશાળ વિસ્તારના કારણે દુશ્મન સૈન્યને અંદરના ભાગમાં આવવા દઈને તેને ઘેરી વળવાની રશિયાના સૈન્યને વધારે અનુકૂળતા રહેલી. તે ઉપરાંત પ્રચંડ ઠંડીનું વાતાવરણ પણ તેને દુશ્મન સામે રક્ષણ આપવામાં સહાયભૂત બનતું હતું.

બીજી દૃષ્ટિએ વિચારીએ તો રાજ્યના ભૌગોલિક વિસ્તારને રાજ્યનું મહત્ત્વનું મૂળ તત્ત્વ ગણવામાં આવે છે. આ વિસ્તારમાં રાજ્યની જમીનની સપાટી નીચેના ભાગનો, સપાટી ઉપરના આકાશના ભાગનો તેમજ જો રાજ્ય દરિયાકિનારે આવેલ હોય તો દરિયાકિનારાથી 12 નોટીકલ માઈલના જળવિસ્તારના ભાગનો સમાવેશ કરવામાં આવે છે.

રાજ્યના ભૂમિપ્રદેશમાંથી નીકળતાં ખનિજ પદાર્થો અને રાસાયણિક દ્રવ્યો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઘણાં રાજ્યોની આર્થિક સમૃદ્ધિ આવી કુદરતી સંપત્તિ ઉપર જ આધાર રાખે છે. દા.ત., સાઉદી અરેબિયા, ઈરાન, કુવૈત વગેરેની આબાદી ખનિજ તેલ આધારિત જ છે. ભારતમાં પણ ખનિજસંપત્તિ તથા કુદરતી તેલના કૂવાઓના કારણે દેશની સમૃદ્ધિમાં વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પણ ભૌગોલિક બાબતો અગત્યની ગણાય છે. જે રાજ્યો વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વનાં હોય તેમને પ્રભાવિત કરવા અથવા તો તેમને જીતી લઈને પોતાનો વિસ્તાર વધારવા સત્તાશાળી રાજ્યો હંમેશાં તત્પર રહે છે. આવાં રાજ્યો ઉપર અંકુશ જમાવવા ભૂતકાળમાં ઘણાં યુદ્ધો ખેલાયાં છે.

આમ, ભૂગોળના સંદર્ભમાં સાંપ્રત સમયમાં પણ ભૂ-રાજકારણ (જીઓ પોલિટિક્સ - Geo Politics) આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભૂ-રાજકારણમાં મહત્ત્વનો મુદ્દો ભૂમિનો છે. બીજા શબ્દોમાં કહીએ તો તે રાજકીય જીવનને ખાસ કરીને રાજ્ય-રાજ્ય વચ્ચેના સંબંધને નક્કી કરે છે. આ રીતે રાજ્યશાસ્ત્ર અને ભૂગોળ વચ્ચેનો સંબંધ ઘણો જૂનો છે.

**રાજ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્ર :** આધુનિક સમયમાં રાજ્યશાસ્ત્રના લેખકોએ રાજ્યશાસ્ત્રની ઘણી બાબતોને માનસશાસ્ત્રની મદદ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. અત્યારનો સમય માનસશાસ્ત્રની દૃષ્ટિએ વિચારવાનો છે. આ બંને શાસ્ત્રો એકબીજાં

સાથે સારી રીતે સંકળાયેલાં છે. આપણે આ બંનેના સંબંધને આ પ્રમાણે સમજી શકીએ :

(i) જેમ-જેમ લોકશાહીનો વ્યાપક રીતે સ્વીકાર થતો જાય છે, તેમ-તેમ માનસશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ વધતું જાય છે. કારણ કે લોકશાહીમાં લોકમત અગત્યનું સ્થાન ધરાવે છે. દરેક રાજકીય પક્ષ પ્રચારનાં જુદાં-જુદાં સાધનોનો ઉપયોગ કરીને લોકમાનસને પોતાની તરફેણમાં વાળવા સતત પ્રયત્નશીલ રહે છે. સત્તા ઉપરનો પક્ષ સત્તાને જાળવી રાખવા માટે લોકમતને સતત નજર સમક્ષ રાખીને પોતાના કાર્યક્રમો ઘડે છે. જ્યારે વિરોધપક્ષ લોકમતને પોતાની તરફ વાળવા સતત પ્રયત્નો કરે છે. આ રીતે લોકમતના ઘડતરના સંદર્ભમાં માનસશાસ્ત્રનો અભ્યાસ ખૂબ જ ઉપયોગી થઈ પડે છે.

(ii) રાષ્ટ્રવાદની ભાવના કેળવવા માટે પણ માનસશાસ્ત્રની મદદ લેવામાં આવે છે, કારણ કે રાષ્ટ્ર-ઘડતર માટે જે માનસિક એકતાની જરૂર પડે છે. તેમાં લાગણી કે ભાવના મહત્ત્વનો ભાગ ભજવે છે. આમ, રાષ્ટ્રીય એકતાના પાયામાં માનસશાસ્ત્રીય ખ્યાલ પડેલો છે.

(iii) સરકાર દ્વારા જ્યારે નવા કાર્યક્રમો કે કાયદાઓ ઘડવામાં આવે છે, ત્યારે સરકારે લોકમાનસનો પૂરેપૂરો ખ્યાલ રાખવો પડે છે. લોકમાનસની અવગણના કરવાથી સત્તા ગુમાવવાનો વારો પણ આવી શકે છે.

(iv) મોટા ભાગે ક્રાંતિ થવાનું કારણ માનસિક અસંતોષ હોય છે. કેમ કે, ક્રાંતિકારોને જ્યારે એમ લાગે છે કે સત્તા ધારી સરકાર અયોગ્ય છે તેમજ તેને દૂર કરવા માટે કોઈ લોકશાહી માર્ગ રહ્યો નથી ત્યારે તેમનામાં પ્રવર્તતી માનસિક અશાંતિ છેવટે તેમને ક્રાંતિ કરવા પ્રેરે છે. નેતાઓની સફળતાનો આધાર અન્ય ગુણો ઉપરાંત પ્રજાની નાડને પારખવાના ગુણ પર રહેલો છે.

આમ, વર્તમાન સમયમાં માનસશાસ્ત્રીય અભ્યાસ વધતો જાય છે. તેમ-તેમ એ સમજાઈ રહ્યું છે કે માણસના વર્તન પાછળ બુદ્ધિ ઉપરાંત માનસિક વલણો પણ અસરકારક ભૂમિકા ભજવે છે. પ્રોફેસર ગ્રેહામ વાલેસે પોતાના પુસ્તક 'The human nature in Politics' માં જણાવ્યું છે કે, રાજકીય વર્તન અને વ્યવહારમાં બુદ્ધિ ઉપરાંત ટેવો, વૃત્તિઓ, સૂચનો, અનુકરણો, લાગણીઓ વગેરે પ્રબળ ભાગ ભજવે છે. આના પરથી કહી શકાય કે, રાજ્યશાસ્ત્ર તેમજ માનસશાસ્ત્ર એકબીજાના પૂરક છે.

**રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ :** રાજ્યશાસ્ત્રના અભ્યાસ માટે ઇતિહાસનું જ્ઞાન જરૂરી ગણાય છે. ઇતિહાસ એ ભૂતકાળમાં જુદા-જુદા સમયે બનેલા બનાવોનો સંગ્રહ છે. ઇતિહાસ દ્વારા આપણે જાણી શકીએ છીએ કે, રાજ્યની ઉત્પત્તિ કેવી રીતે થઈ, ક્યારે થઈ, તેમજ તેનું શરૂઆતનું સ્વરૂપ કેવું હતું. આમ ઇતિહાસમાંથી મળતી આધારભૂત માહિતી આપણને રાજ્ય વિશે ચોક્કસ વિચારો બાંધવામાં મદદ કરે છે.

આપણે અગાઉ જોયું તે મુજબ, રાજ્યશાસ્ત્રમાં ભૌતિકશાસ્ત્ર કે રસાયણશાસ્ત્રની માફક પ્રયોગોને સ્થાન નથી, તેથી ચોક્કસ કે સચોટ સિદ્ધાંતો તારવી શકાય નહિ. કારણકે, રાજ્યશાસ્ત્રમાં વિષયવસ્તુ જીવંત મનુષ્ય છે. પરિણામે સિદ્ધાંતો તારવવા માટે ઇતિહાસની મદદ લેવી પડે છે. દા.ત., સરકારની ફેરબદલી હિંસક ક્રાંતિ દ્વારા કરવી કે પછી અહિંસક ચૂંટણી પદ્ધતિ દ્વારા કરવી તે અંગેનો નિર્ણય લેવા માટે પ્રયોગની નહિ પરંતુ ઇતિહાસની મદદ અનિવાર્ય બની જાય છે. ઇતિહાસ જણાવે છે કે હિંસક કરતાં અહિંસક પદ્ધતિ જ વધારે ઉચિત છે. પરિણામે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ રીતે ઇતિહાસ રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થી માટે પ્રયોગશાળાની ગરજ સારે છે.

ઇતિહાસ અનેક વિષયો ઉપર લખાયો હોય છે. જેમકે, ભાષા-સાહિત્યનો ઇતિહાસ, કલા-સંસ્કૃતિનો ઇતિહાસ, શોધખોળનો ઇતિહાસ વગેરે. આ દરેક ઇતિહાસ રાજ્યશાસ્ત્ર સાથે સીધી રીતે સ્પર્શતો હોય તેમ જણાતું નથી. પરંતુ એ હકીકત છે કે આ તમામ બાબતો રાજ્યમાં જ પાંગરે છે અને તે અંગેના આખરી નિર્ણયો પણ રાજ્ય દ્વારા જ લેવાતાં હોય છે. ઇતિહાસકારોનાં લખાણો રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીને સારા પ્રમાણમાં માહિતી પૂરી પાડે છે. દા.ત., ઓગણીસમી સદીના યુરોપનો ઇતિહાસ જ્યાં સુધી સામ્રાજ્યવાદ, વ્યક્તિવાદ, સમાજવાદ વગેરેનું મહત્ત્વ સમજાવે નહીં ત્યાં સુધી તે ફક્ત હકીકતોનું વર્ણન જ ગણાય છે. આ જ પ્રમાણે ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના ઇતિહાસની રાજકીય અગત્ય ન સમજાય ત્યાં સુધી તે અર્થ વગરનો ગણાય છે.

આ પ્રમાણે ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર વચ્ચે પાયાના તફાવતો રહેલાં હોવા છતાં, આ બંને ગાઢ રીતે સંકળાયેલા વિષયો છે. ઇતિહાસનો અભ્યાસ રાજ્યશાસ્ત્રના અભ્યાસી માટે કાચા માલની ગરજ સારે છે. ઇતિહાસે નોંધેલા બનાવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાજ્યશાસ્ત્રના અભ્યાસીને ઉપયોગી થાય છે. ઇતિહાસ એ ભૂતકાળની સમજૂતી આપતી વિદ્યાશાખા છે જ્યારે રાજ્યશાસ્ત્ર ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ સાથે સંબંધ ધરાવતું હોવાથી તેમાં ભૂતકાળની નક્કર હકીકતો ઉપરાંત ભવિષ્યની અપેક્ષાઓને પણ સ્થાન આપવામાં આવે છે. રાજ્યશાસ્ત્ર રાજ્ય કેવું છે અને કેવું હોવું જોઈએ તેની સાથે સંબંધ ધરાવે છે. જ્યારે ઇતિહાસ રાજ્ય કેવું હતું તેની સાથે સંબંધ ધરાવે છે. આમ, રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ બંનેનું અધ્યયન એકબીજાનું પૂરક છે. ઇતિહાસનું અભ્યાસક્ષેત્ર ઘણું વિશાળ છે. જ્યારે રાજ્યશાસ્ત્રનું અભ્યાસક્ષેત્ર ઇતિહાસની તુલનાએ સીમિત છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) રાજ્યશાસ્ત્રના અર્થની વિગતે ચર્ચા કરો.

(2) રાજ્યશાસ્ત્રનું સ્વરૂપ સમજાવો. અથવા રાજ્યશાસ્ત્ર વિજ્ઞાન છે કે કલા, તેની સમજૂતી આપો.

(3) રાજ્યશાસ્ત્રનું કાર્યક્ષેત્ર કે તેના વ્યાપની ચર્ચા કરો.

(4) રાજ્યશાસ્ત્ર અને રાજકારણની વિસ્તૃત ચર્ચા કરો.

(5) રાજ્યશાસ્ત્રના અભ્યાસનું મહત્ત્વ સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસનો સંબંધ (2) રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્રનો સંબંધ

(3) રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનો સંબંધ (4) રાજ્યશાસ્ત્ર અને ભૂગોળનો સંબંધ

(5) રાજ્યશાસ્ત્ર અને માનસશાસ્ત્રનો સંબંધ

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) મનુષ્યને સામાજિક-રાજકીય પ્રાણી તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?

(2) આધુનિક સમયના સંદર્ભમાં રાજ્યશાસ્ત્રનો ખ્યાલ સ્પષ્ટ કરો.

(3) 'રાજકારણ એક કલા છે'. - આ વિધાનને સમજાવો.

(4) રાજ્યશાસ્ત્રનો અભ્યાસ દરેક નાગરિકે શા માટે કરવો જોઈએ ?

(5) રાજ્યશાસ્ત્ર કઈ રીતે અર્થશાસ્ત્ર સાથે સંકળાયેલું છે ?

(6) 'રાજકીય સમાજશાસ્ત્ર' શેનો અભ્યાસ કરે છે ?

(7) રાજ્યશાસ્ત્રના અભ્યાસમાં માનસશાસ્ત્રની ભૂમિકા શું છે ?

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો :**

(1) અંગ્રેજી ભાષામાં રાજ્યશાસ્ત્રને શું કહે છે ?

(2) મનુષ્ય સામાજિક પ્રાણી કેમ કહેવાય છે ?

(3) રાજ્યશાસ્ત્રની ટૂંકી અને સરળ વ્યાખ્યા આપો.

(4) રાજ્યશાસ્ત્ર શુદ્ધ વિજ્ઞાન કેમ નથી ?

(5) રાજકારણની સરળ વ્યાખ્યા આપો.

(6) રાજ્યશાસ્ત્ર અન્ય કયાં કયાં સામાજિક શાસ્ત્રો સાથે સંબંધ ધરાવે છે ?

(7) અર્થશાસ્ત્ર શેનો અભ્યાસ કરે છે ?

(8) સરકારનાં અંગો કયાં કયાં છે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) રાજ્યશાસ્ત્રના પિતા કોણ છે ?

(અ) હેરોલ્ડ લાસ્કી (બ) એરિસ્ટોટલ (ક) કાર્લમાર્ક્સ (ડ) જહોન લૉક

(2) ગ્રીક લોકો પોતાના નગર અથવા શહેરને શું કહેતાં હતાં ?

(અ) પોલિટી (બ) ઑફિસ (ક) મંડળ (ડ) સભા

(3) કૌટિલ્યના પ્રસિદ્ધ પુસ્તકનું નામ શું છે ?

(અ) રાજા તથા પ્રજા (બ) કાયદો (ક) અર્થશાસ્ત્ર (ડ) વિકાસ

(4) કોને 'બાંધછોડ' કે 'સમાધાન' ની કલા તરીકે ઓળખવામાં આવે છે ?

(અ) ઈતિહાસ (બ) રાજકારણ (ક) આદર્શવાદ (ડ) ભૂગોળ

(5) ભૂ-રાજકારણ કોની સાથે સંકળાયેલ છે ?

(અ) ભૂમિ (બ) નીતિશાસ્ત્ર (ક) માનસશાસ્ત્ર (ડ) સમાજશાસ્ત્ર

(6) રાજ્યની દરિયાઈ સીમાની સત્તા કેટલા નોટીકલ માઈલ સુધીની હોય છે ?

(અ) 48 નોટીકલ માઈલ (બ) 36 નોટીકલ માઈલ (ક) 12 નોટીકલ માઈલ (ડ) 4 નોટીકલ માઈલ

(7) રાજકારણ એ કાવાદાવાની રમત છે ?

(અ) સાચું (બ) ખોટું

(ક) અ તથા બ પૈકી એકેય નહિ. (ડ) અ તથા બ બંને

(8) ''ધ હ્યુમન નેચર ઈન પોલિટિક્સ'' - પુસ્તક કોનું છે ?

(અ) સોક્રેટિસ (બ) મેક્સ વેબર (ક) ગ્રેહામ વાલેસ (ડ) જીન જેક રુસો

**પ્રવૃત્તિ**

- ચર્ચાસભા ગોઠવો. - નાગરિકના ઘડતરમાં રાજ્યશાસ્ત્રના અભ્યાસની ઉપયોગિતા.

●